સાથી સોફ્ટવેર અંતર્ગત ૨૦૧૮-૧૯ ના વર્ષ માટે ઓન લાઇન અહેવાલ લેખનની સમયમર્યાદામાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ ખહલ-૧૦૨૦૧૩-૫૬૨૨૯૪-ક
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૫.૦૬.૨૦૧૯

વંચાણે લીધાઃ (૧) સા.વ.વિભાગના તા. ૩૧.૩.૧૮ ના ઠરાવ ક્રમાંકઃ ખહલ-૧૦૨૦૧૮-૮૦૭૯૨-ક
(૨) સા.વ.વિભાગના તા. ૮.૩.૧૯ ના ઠરાવ ક્રમાંક ખહલ-૧૦૨૦૧૯-૩૧૩૫૮-ક

પરિપત્રઃ-

સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ (૧) અને (૨) સામે દર્શાવેલ ઠરાવોથી ગુજરાત સરકારના વર્ગ-૧ ,વર્ગ-૨ અને વર્ગ-૩ ના અધિકારીઓ/કર્મચારીઓ માટે વાર્ષિક કામગીરી મૂલ્યાંકન દાખલ કરવામાં આવેલ છે. સદર ઠરાવોના પરીશિષ્ટ-૨ થી વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલની વિવિધ તબકકાની કામગીરી પૂર્ણ કરવા માટેનું સમય પત્રક નિયત કરવામાં આવેલ છે. સંદર્ભ (૧) અને (૨) પરના ઠરાવના પરિશિષ્ટ-૨ મુજબ અહેવાલ લેખનની કામગીરી તા. ૧૫.૬.૧૯ સુધીમાં પૂર્ણ કરવાની રહે છે.

તાજેતરમાં " વાયુ " વાવાઝોડાની પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજ્યના અધિકારીઓ રોકાયેલ હોઇ તેમના તાબા હેઠળના અધિકારીઓ/કર્મચારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકનમાં અહેવાલ લેખનની કામગીરી તા. ૧૫.૬.૧૯ સુધી માં પૂર્ણ કરી શકે તેમ નથી. આ સંજોગોને લક્ષમાં લેતાં વર્ષ-૨૦૧૮-૧૯ ના વર્ષ માટે અહેવાલ લેખનની સમયમર્યાદા તા. ૨૧.૬.૨૦૧૯ સુધી આથી લંબાવવામાં આવે છે.

આ લંબાવેલ સમયમર્યાદા વર્ષ ૨૦૧૮-૧૯ ના અહેવાલ લેખન પુરતી મર્યાદિત રહેશે. અહેવાલ લેખન પછીની કરવાની થતી તમામ કાર્યવાહી માટેની સમયમર્યાદા સંદર્ભ (૧) અને (૨) ના ઠરાવના પરિશિષ્ટ-૨ મુજબ યથાવત રહેશે.

ગુજરાત રાજય પાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ચૈતન્ય નિમાવત)
ઉપ સચિવ (મ-૨)
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,
માન. રાજયપાલશ્રી ના અગ્ર સચિવશ્રી.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.

માન. મંત્રીશ્રી/ રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી , ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.

ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ .
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫.
સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાનાવડાઓ ખાતાના નિયંત્રણ હેઠળની કચેરીઓને ઉકત સૂચના મોકલવા વિનંતી સહ )
નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ.
સિલેકટ ફાઇલ